ફોજદારી ઇન્કવાયરી નંબર :- ૪૧/૨૦૨૬

-:: આંક – ૧ લગત વધુ હુકમ ::-

૧) રેકર્ડ લક્ષમાં લેતા તેમજ હાલની ફરીયાદ તથા કેસ પેપર્સ વંચાણે લીધા. આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ પોતે ભારતીય ન્યાય સહીતા - ૨૦૨૩ ની કલમ - ૨(૨૮) અંતર્ગત ''સરકરી નોકરી'' તરીકે ફરજ બજાવતા હોય દાખલ કરેલી છે. જેથી આ કામે હાલની ફરીયાદ સબબ આરોપીને નોટીસ કરતા આરોપી જોતે/વકીલ મારફતે તેઓ હાજર થયેલ છે.

૨) આજરોજ આ કામના આરોપી/આરોપીઓ પક્ષની રજુઆત ધ્યાને લેતા તેઓએ હાલની ફરીયાદ સબંધી કોઇ વાંધા કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. વધુમાં આરોપી તરફે/દ્વારા આંક - ૦૮ થી પુરશીસ આપી સદર ફરીયાદ સદર્ભે સંજ્ઞાન લેવામાં આવે તો તેઓને કોઇ વાંધો તકરાર ન હોવાનુ જાહેર કરેલ છે. જેથી આ કામે રજુ ફરીયાદી ની ફરીયાદ અને કેસ પેપર્સ ધ્યાને લેતા આરોપી સામે સબબ ગુનાની પ્રથમદર્શનીય રીતેની આગળની કાર્યવાહી કરવા પુરતા અને સબળ કારણો જણાઇ આવે છે. જેથી ન્યાય ના હીતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

-:: હુકમ ::-

(૧) હાલની ફરીયાદ ઇન્કવાયરી રજીસ્ટ્રરેથી આથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કેસ ફોજદારી રજીસ્ટ્રરે નોધી આરોપીઓ સામે બી.એન.સેસ.એસ. એકટ ની કલમ - ૨૨૭ અન્વયે ફરીયાદ સબબના ગુનાઓ અંગેનો સમન્સ ઇશ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદર કેસ ની હવે પછીની મુદત તારીખ :- ૧૪/૦૩/૨૦૨૬ ના રોજની રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

તારીખ :- ૦૭/૦૩/૨૦૨૬

સુરત.

(હાર્દીક દીલીપભાઇ રાજપુરા)
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
એન્ડ લેબર જજ, કોર્ટ નંબર - ૪
સુરત.
(CODE NO.GJ01291)